www.tethtatguru.co.in




## વિભાગ – I

## માનસિક યોગ્યતા પરીક્ષા


### ભાગ – I

**સૂચના :** પ્રશ્ન સંખ્યા 1 થી 5 સુધીનાં પ્રશ્નોમાં ડાબી બાજુ એક કોયડા આકૃતિ તથા જમણી બાજુ ચાર ઉત્તર આકૃતિઓ ક્રમાંક 1, 2, 3 તથા 4 માં આપેલી છે. તે ઉત્તર આકૃતિનું ચયન કરો કે જે કોયડા આકૃતિની બિલકુલ સમાન હોય તથા સાચા ઉત્તરનું ચયન કરી તેનો ક્રમાંક આપેલી ઉત્તરપોથીમાં સંબંધિત પ્રશ્નની સામે આપેલા બોક્સમાં અંગ્રેજી સંખ્યા (અર્થાત્ 1, 2, 3, 4) માં લખો.

કોયડા આકૃતિ — ઉત્તર આકૃતિઓ


1. 

(1) (2) (3) (4)


2. 

(1) (2) (3) (4)





3. 

(1) (2) (3) (4)

4. 

(1) (2) (3) (4)

5. 

(1) (2) (3) (4)

A


180606


નવોદય ની પ્રવેશ પરીક્ષા માટે અલંકાર પબ્લીકેશનની બુક ઓનલાઈન ખરીદવા અહિં ક્લીક કરો.

## ભાગ – II


**સૂચના :** પ્રશ્ન સંખ્યા 6 થી 10 સુધીનાં પ્રશ્નોમાં ડાબી બાજુ એક કોયડા આકૃતિ આપેલી છે. આ આકૃતિનો એક ભાગ અદશ્ય છે. જમણી બાજુ આપેલા ક્રમાંક 1, 2, 3 તથા 4 માં આપેલી ઉત્તર આકૃતિઓને જુઓ અને તે આકૃતિને શોધો કે જે પોતાની દિશા બદલ્યા વગર કોયડા આકૃતિનાં અદશ્ય ભાગમાં બંધ-બેસે કે જેથી કોયડા આકૃતિનો નમૂનો પૂરે-પૂરો બની જાય. સાચા ઉત્તરનું ચયન કરી તેનો ક્રમાંક આપેલી ઉત્તરપોથીમાં સંબંધિત પ્રશ્નની સામે આપેલા બોક્સમાં અંગ્રેજી સંખ્યા (અર્થાત્ 1, 2, 3, 4) માં લખો.


**કોયડા આકૃતિ** | **ઉત્તર આકૃતિઓ**

6. 





(1) (2) (3) (4)

7. 





(1) (2) (3) (4)

8. 





(1) (2) (3) (4)

9. 



(1) (2) (3) (4)

10. 



(1) (2) (3) (4)







www.tethtatguru.co.in

નવોદય ની પ્રવેશ પરીક્ષા માટે અલંકાર પબ્લીકેશનની બુક ઓનલાઇન ખરીદવા અહિં ક્લીક કરો.


## ભાગ – III

સૂચના : પ્રશ્ન સંખ્યા 11 થી 15 સુધીનાં પ્રશ્નોમાં ડાબી બાજુ ત્રણ કોયડા આકૃતિઓ આપેલી છે તથા ચોથી માટે સ્થાન (જગ્યા) ખાલી રાખવામાં આવ્યું છે. કોયડા આકૃતિઓ એક શૃંખલામાં છે. શોધવાનું છે કે જમણી બાજુ આપેલી ઉત્તર આકૃતિઓમાંથી કઈ આકૃતિ આ શૃંખલાને પૂરી કરે છે. સાચા ઉત્તરનું ચયન કરી તેનો ક્રમાંક ઉત્તરપોથીમાં સંબંધિત પ્રશ્નની સામે આપેલા બોક્સમાં અંગ્રેજી સંખ્યા (અર્થાત્ 1, 2, 3, 4) માં લખો.


કોયડા આકૃતિઓ | ઉત્તર આકૃતિઓ

11. 


(1) (2) (3) (4)

12. 


(1) (2) (3) (4)

13. 

(1) (2) (3) (4)

14. 

(1) (2) (3) (4)

15. 

(1) (2) (3) (4)




www.tethtatguru.co.in
નવોદય ની પ્રવેશ પરીક્ષા માટે અલંકાર પબ્લીકેશનની બુક ઓનલાઈન ખરીદવા અહીં કિલીક કરો.

www.tethtatguru.co


**સૂચના :** પ્રશ્ન સંખ્યા 16 થી 20 સુધીનાં દરેકમાં બે કોયડા આકૃતિઓની બે જોડ ( ) આપેલી છે. બીજી જોડમાં એક પ્રશ્નસૂચક ચિહ્ન (?) બનેલું છે. પહેલી બે કોયડા આકૃતિઓમાં પરસ્પર એક સંબંધ છે. એ જ પ્રકારે ત્રીજી તથા ચોથી કોયડા આકૃતિઓ વચ્ચે પણ તેવો જ સંબંધ હોવો જોઈએ. ઉત્તર આકૃતિઓમાંથી તે આકૃતિનું ચયન કરો કે જે પ્રશ્નસૂચક ચિહ્નવાળા સ્થાન પર બંધ બેસી શકે. સાચા ઉત્તરનું ચયન કરી તેનો ક્રમાંક આપેલી ઉત્તરપોથીમાં સંબંધિત પ્રશ્નની સામે આપેલા બોક્સમાં અંગ્રેજી સંખ્યા (અર્થાત્ 1, 2, 3, 4) માં લખો.


**કોયડા આકૃતિઓ** | **ઉત્તર આકૃતિઓ**

16. 






(1) (2) (3) (4)

17. 





(1) (2) (3) (4)

18. 





(1) (2) (3) (4)

19. 



(1) (2) (3) (4)

20. 



(1) (2) (3) (4)




નવોદય ની પ્રવેશ પરીક્ષા માટે અલંકાર પબ્લીકેશનની બુક ઓનલાઈન ખરીદવા અહિ ક્લીક કરો.

## ભાગ – V

સૂચના : પ્રશ્ન સંખ્યા **21 થી 25** સુધીનાં પ્રશ્નોમાં એક ભૌમિતિક આકૃતિ (ત્રિકોણ, ચોરસ, વર્તુળ)નો એક ભાગ ડાબી બાજુ પ્રશ્ન આકૃતિનાં રૂપમાં છે અને જમણી બાજુ આપેલી ચાર આકૃતિઓ ક્રમાંક 1, 2, 3 અને 4 માંથી કોઈ એક તેનો બીજો ભાગ છે. જમણી બાજુ આપેલી આકૃતિઓમાંથી તે આકૃતિ શોધો જે ભૌમિતિક આકૃતિને પૂર્ણ બનાવે છે અને સાચા ઉત્તરનું ચયન કરી તેનો ક્રમાંક આપેલી ઉત્તરપોથીમાં સંબંધિત પ્રશ્નની સામે આપેલા બોક્સમાં અંગ્રેજી સંખ્યા (અર્થાત્ 1, 2, 3, 4) માં લખો.


કોયડા આકૃતિ — ઉત્તર આકૃતિઓ

**21.**




(1) (2) (3) (4)

**22.**




(1) (2) (3) (4)

**23.**




(1) (2) (3) (4)

**24.**



(1) (2) (3) (4)

**25.**



(1) (2) (3) (4)







www.tethtatguru.co.i

www.tethtatguru.co.in




સૂચના : પ્રશ્ન સંખ્યા 26 થી 30 સુધીનાં પ્રશ્નોમાં ડાબી બાજુ એક કોયડા આકૃતિ આપેલી છે અને જમણી બાજુ ચાર ઉત્તર આકૃતિઓ ક્રમાંક 1, 2, 3 તથા 4 માં આપેલી છે. તે ઉત્તર આકૃતિનું ચયન કરો જે કોયડા આકૃતિનું બરાબર દર્પણ પ્રતિબિંબ હોય જ્યારે દર્પણને XY પર મૂકવામાં આવે છે. સાચા ઉત્તરનું ચયન કરી તેનો ક્રમાંક આપેલી ઉત્તરપોથીમાં સંબંધિત પ્રશ્નની સામે આપેલા બોક્સમાં અંગ્રેજી સંખ્યા (અર્થાત્ 1, 2, 3, 4) માં લખો.


કોયડા આકૃતિ | ઉત્તર આકૃતિઓ


**26.** 

(1) (2) (3) (4)


**27.** 

(1) (2) (3) (4)





**28.** 

(1) (2) (3) (4)

**29.** 

(1) (2) (3) (4)

**30.** 

(1) (2) (3) (4)





નવોદય ની પ્રવેશ પરીક્ષા માટે અલંકાર પબ્લીકેશનની બુક ઓનલાઇન ખરીદવા અહિં કલીક કરો.



## ભાગ – VII

સૂચના : પ્રશ્ન સંખ્યા 31 થી 35 સુધીનાં પ્રશ્નોમાં ડાબી બાજુ કોયડા આકૃતિમાં બતાવ્યા પ્રમાણે કાગળનાં ટુકડાને વાળીને છિદ્રિત કરેલો છે અને જમણી બાજુ ચાર ઉત્તર આકૃતિઓ ક્રમાંક 1, 2, 3 અને 4 માં આપેલી છે. તે ઉત્તર આકૃતિનું ચયન કરો કે જે એ બતાવે કે (દર્શાવે કે) કાગળને ખોલતા તે ક્યા પ્રકારે દેખાશે. સાચા ઉત્તરનું ચયન કરી તેનો ક્રમાંક આપેલી ઉત્તરપોથીમાં સંબંધિત પ્રશ્નની સામે આપેલા બોક્સમાં અંગ્રેજી સંખ્યા (અર્થાત્ 1, 2, 3, 4) માં લખો.



| કોયડા આકૃતિઓ | ઉત્તર આકૃતિઓ |
|---|---|

31.  



(1) (2) (3) (4)

32.  



(1) (2) (3) (4)

33.  

(1) (2) (3) (4)

34.  

(1) (2) (3) (4)

35.  

(1) (2) (3) (4)



www.tethtatguru.co.in


www.tethtatguru.co.in

## ભાગ – VIII


સૂચના : પ્રશ્ન સંખ્યા 36 થી 40 સુધીનાં પ્રશ્નોમાં ડાબી બાજુ એક કોયડા આકૃતિ આપેલી છે અને જમણી બાજુ ચાર ઉત્તર આકૃતિઓ ક્રમાંક 1, 2, 3 તથા 4 માં આપેલી છે. તે ઉત્તર આકૃતિનું ચયન કરો કે જે કોયડા આકૃતિમાં આપેલા ટુકડાઓમાંથી બનાવી શકાય અને સાચા ઉત્તરનું ચયન કરી તેનો ક્રમાંક આપેલી ઉત્તરપોથીમાં સંબંધિત પ્રશ્નની સામે આપેલા બોક્સમાં અંગ્રેજી સંખ્યા (અર્થાત્ 1, 2, 3, 4) માં લખો.

**કોયડા આકૃતિ** | **ઉત્તર આકૃતિઓ**


36.





37.





38.




39.




40.









નવોદય ની પ્રવેશ પરીક્ષા માટે અલંકાર પબ્લીકેશનની બુક ઓનલાઈન ખરીદવા અહિ ક્લીક કરો.

www.tethtatguru.co.in




## ભાગ – IX

**સૂચના :** પ્રશ્ન સંખ્યા **41 થી 45** સુધીનાં પ્રશ્નોમાં ડાબી બાજુ એક કોયડા આકૃતિ આપેલી છે તથા જમણી બાજુ ચાર ઉત્તર આકૃતિઓ ક્રમાંક 1, 2, 3 અને 4 માં આપેલી છે. તે ઉત્તર આકૃતિનું ચયન કરો કે જેમાં કોયડા આકૃતિ છુપાયેલી હોય અથવા બંધ-બેસતી હોય અને સાચા ઉત્તરનું ચયન કરી તેનો ક્રમાંક આપેલી ઉત્તરપોથીમાં સંબંધિત પ્રશ્નની સામે આપેલા બોક્સમાં અંગ્રેજી સંખ્યા (અર્થાત્ 1, 2, 3, 4) માં લખો.


**કોયડા આકૃતિ** | **ઉત્તર આકૃતિઓ**

**41.**




(1) (2) (3) (4)

**42.**




(1) (2) (3) (4)

**43.**




(1) (2) (3) (4)

**44.**



(1) (2) (3) (4)

**45.**



(1) (2) (3) (4)








નવોદય ની પ્રવેશ પરીક્ષા માટે અલંકાર પબ્લીકેશનની બુક ઓનલાઇન ખરીદવા અહિ કિલીક કરો.

## ભાગ – X

**સૂચના :** પ્રશ્ન સંખ્યા **46** થી **50** સુધીનાં દરેક પ્રશ્નમાં ચાર આકૃતિઓ ક્રમાંક 1, 2, 3 અને 4 માં આપેલી છે. આ ચાર આકૃતિઓમાંથી ત્રણ આકૃતિઓ કંઈક હદ સુધી એકસરખી છે તથા એક અલગ (અસમાન) છે. અલગ (અસમાન) આકૃતિનું ચયન કરી, તેનો ક્રમાંક આપેલી ઉત્તરપોથીમાં સંબંધિત પ્રશ્નની સામે આપેલા બોક્સમાં અંગ્રેજી સંખ્યા (અર્થાત્ 1, 2, 3, 4) માં લખો.





**46.**




(1) (2) (3) (4)

**47.**




(1) (2) (3) (4)

**48.**




(1) (2) (3) (4)

**49.**



(1) (2) (3) (4)

**50.**



(1) (2) (3) (4)




www.tethtatguru.co.in

## વિભાગ – II

## અંકગણિત

**સૂચના :** દરેક પ્રશ્ન માટે ચાર સંભવિત ઉત્તર ક્રમાંક 1, 2, 3 અને 4 માં આપેલા છે. આમાંથી ફક્ત એક જ સાચો છે. તમારે સાચા ઉત્તરનું ચયન કરી આપેલ ઉત્તર-પુસ્તિકામાં દરેક પ્રશ્નની સામે આપેલા ખાના (બોક્સ)માં તેનો ક્રમાંક અંગ્રેજી સંખ્યામાં લખવાનો છે.

**51.** દિવાસળીઓથી બનેલા ત્રિકોણોનું અવલોકન કરો :



3 5 7 9

| ત્રિકોણોની સંખ્યા | 1 | 2 | 3 | 4 |
|---|---|---|---|---|
| દિવાસળીઓની સંખ્યા | 3 | 5 | 7 | 9 |

10 ત્રિકોણોવાળી આકૃતિ બનાવવામા કેટલી દિવાસળીઓ જોઈએ ?

(1) 15 (2) 19
(3) 21 (4) 25

**52.** એક સંખ્યામાંથી તેનાં અંકોનો સરવાળો બાદ કરવામાં આવે છે. પરિણામમાં મળતી સંખ્યા હંમેશા કઈ સંખ્યાથી ભાગી શકાશે ?

(1) 2 થી (2) 5 થી
(3) 8 થી (4) 9 થી

**53.** 8નાં પહેલા 4 અવયવોનો સરવાળો છે

(1) 60 (2) 70
(3) 80 (4) 100

**54.** એક રેલગાડી 60 કિમી./કલાકની ગતિથી એક સ્ટેશનથી 1:45 બપોર પછી ચાલે છે. તે ગાડી બીજા સ્ટેશને કે જે 165 કિમી. દૂર છે, કેટલાં વાગે પહોંચશે ?

(1) 3 : 45 બપોર પછી (2) 4 : 15 બપોર પછી
(3) 4 : 30 બપોર પછી (4) 6 : 00 બપોર પછી


**55.** તે ચોરસની બાજુ (સેમી.માં) કેટલી હશે, જેનું ક્ષેત્રફળ તેની પરિમિતિની બરાબર છે ?

(1) 6 સેમી (2) 2 સેમી (3) 4 સેમી (4) 8 સેમી

**56.** જમ્મુ એક્સપ્રેસ સવારનાં 8:20 વાગે જમ્મુથી ચાલી. તેને દિલ્હી પહોંચતા 8 કલાક 35 મિનિટ લાગે છે. જો તે 25 મિનિટ મોડી છે, તો તે દિલ્હી કેટલા વાગે પહોંચશે ?

(1) 5:15 બપોર પછી (2) 4:55 બપોર પછી
(3) 5:20 બપોર પછી (4) 4:40 બપોર પછી

**57.** આપેલી આકૃતિનું ક્ષેત્રફળ છે





(1) 144 સેમી$^2$ (2) 168 સેમી$^2$
(3) 192 સેમી$^2$ (4) 236 સેમી$^2$

કાચા કામ માટે જગ્યા



**58.** અધૂરો રેખા આલેખ કોઈ વર્ષમાં સમ્યકતાની પહેલા પાંચ મહિનાની બચત દર્શાવે છે. તેણે પાંચ મહિનામાં કુલ ₹ 950 ની બચત કરી. ફેબ્રુઆરી તથા માર્ચમાં બચતની રકમ સરખી છે. તો તેણે ફેબ્રુઆરીમાં કેટલી બચત કરી ?




(1) ₹ 245 (2) ₹ 275 (3) ₹ 250 (4) ₹ 225

**59.** એક માછલી-ટાંકીને પૂરી (છલોછલ) ભરતાં 45 લીટર પાણી આવે છે. તેનો 4/9 ભાગ ભરેલો છે, જો ટાંકીનો 2/5 ભાગ પાણી કાઢી લેવામાં આવે, તો ટાંકીને પૂરી (છલોછલ) ભરવા માટે તેમાં કેટલું વધુ પાણી જોઈશે ?

(1) 12 લીટર (2) 20 લીટર
(3) 33 લીટર (4) 35 લીટર

**60.** એક ફળ વેચનાર ₹ 40 માં એક ડઝન કેળા અથવા એક કેળું ₹ 5 ના ભાવે વેચે છે. 99 કેળાં ખરીદવા માટે કેટલી રકમ આપવી પડશે ?

(1) ₹ 335 (2) ₹ 320 (3) ₹ 300 (4) ₹ 495

**61.** 12 પુરુષ અથવા 15 સ્ત્રીઓ એક કામને 24 દિવસમાં પૂરું કરે છે. તે જ કામ 8 પુરુષ તથા 8 સ્ત્રીઓ કેટલા દિવસોમાં પૂરું કરશે ?

(1) 16 દિવસ (2) 20 દિવસ
(3) 24 દિવસ (4) 28 દિવસ

**62.** શારદાએ એક નોટબુક ₹ 25.50, એક પેન ₹ 7.50ની તથા 6 પેન્સિલ ₹ 1.25ની એકનાં ભાવથી ખરીદી. તેણે દુકાનદારને ₹ 50ની એક નોટ આપી. રકમ જે દુકાનદારે તેને પાછી (પરત) આપી તે છે :

(1) ₹ 9.50 (2) ₹ 15.75
(3) ₹ 40.50 (4) ₹ 18.50

**63.** નીચેનો ચિત્રાલેખ એક ટ્રેડર (વેપારી) દ્વારા 5 દિવસમાં વેચેલી કેરીઓનાં ટોપલાની સંખ્યા બતાવે છે :

| સોમવાર | મંગળવાર | બુધવાર | ગુરુવાર | શુક્રવાર |
|---|---|---|---|---|
| ○○○○○ | ○○○○ ○○○○ | ○○○○ | ○○○○○ ○○○○○ | ○○○○ |

(○ – 20 ટોપલા બતાવે છે.)

જો 5 દિવસ પછી વેપારી પાસે હજુ પણ 200 ટોપલા બાકી છે, તો શરૂઆતમાં તેની પાસે કેટલા ટોપલા હતાં ?

(1) 620 (2) 720
(3) 820 (4) 931

**64.** જો a, b ની પૂર્વગામી સંખ્યા છે, તો (a – b) અને (b – a)ની કિંમત કેટલી થશે ?

(1) –1 અને 1 (2) 1 અને –1
(3) 0 અને 1 (4) 1 અને 0

**65.** જોસેફને એક પરીક્ષામાં અમિતથી 8 ગુણ ઓછા મળ્યા. જ્યારે કુમારને અમિતથી 12 ગુણ વધુ મળ્યા. જો તેમના કુલ ગુણ 205 છે, તો જોસેફને કેટલા ગુણ મળ્યા ?

(1) 67 (2) 79
(3) 59 (4) 75

કાચા કામ માટે જગ્યા

www.tethtatguru.co.in

નવોદય ની પ્રવેશ પરીક્ષા માટે અલંકાર પબ્લીકેશનની બુક ઓનલાઈન ખરીદવા અહિ ક્લીક કરો.

66. 128 ડબ્બા કે જેમાં દરેકમાં 36 ચોકલેટો ભરેલી છે. જો એક ડબ્બામાં 4 ચોકલેટ ઓછી ભરવામાં આવે, તો તે ડબ્બાઓની સંખ્યા, જેમાં એટલી જ ચોકલેટો ભરવામાં આવેલ હોઇ, કેટલી હશે ?

(1) 108 (2) 144
(3) 216 (4) 360

67. તે લાંબામાં લાંબી ટેપની લંબાઈ કેટલી હશે જેથી 1 મી. 75 સેમી., 4 મી. 50 સેમી. અને 6 મી. 50 સેમી. પૂરેપૂરી માપી શકાય ?

(1) 25 સેમી (2) 50 સેમી
(3) 55 સેમી (4) 75 સેમી

68. બે સંખ્યાનાં ગુ.સા.અ. (H.C.F.) તથા લ.સા.અ. (L.C.M.) નો ગુણાકાર 384 છે. જો તેમાંની એક સંખ્યા 24 છે, તો બીજી સંખ્યા કઈ હશે ?

(1) 18 (2) 6
(3) 32 (4) 16

69. બે સંખ્યાઓનો સરવાળો 345678 છે. જો એક સંખ્યા બીજી સંખ્યાથી સોળ હજાર સોળ મોટી છે, તો મોટી સંખ્યા કઈ હશે ?

(1) 164831 (2) 170847
(3) 180847 (4) 329662

70. નીચે આપેલી સંખ્યાઓમાંથી કઈ સંખ્યા 18 થી પૂરેપૂરી વિભાજિત થાય છે ?

(1) 444444 (2) 555555
(3) 666660 (4) 666666

71. $\frac{1}{10}+\frac{11}{100}+\frac{111}{1000}$ નો સમતુલ્ય દશાંશરૂપ છે

(1) 1.111 (2) 0.111
(3) 0.321 (4) 0.1111

72. રાહુલે એક જૂનું ટેલીવિઝન ₹ 3,000 માં ખરીદી, તેનાં સમારકામ પર ₹ 300 ખર્ચ્યાં. જો તેણે ટેલીવિઝનને ₹ 3,500 માં વેચ્યું, તો તેને કેટલો નફો થયો ?

(1) ₹ 500 (2) ₹ 250
(3) ₹ 200 (4) ₹ 300

73. અમરે ₹ 800, 5% વાર્ષિક દરથી ઉધાર લીધા. 3½ વર્ષ પછી તેને કેટલી રકમ (રાશિ) આપવાની હશે ?

(1) ₹ 920 (2) ₹ 940
(3) ₹ 960 (4) ₹ 980

74. 48.480 ને 8 થી ભાગાકાર કરતાં ભાગફળ કેટલું આવશે ?

(1) 6.060 (2) 60.60
(3) 6.006 (4) 6.60

75. જો 4137 ÷ 1.75 = 2364 છે, તો 41.37 ÷ 17.5 ની કિંમત કેટલી થશે ?

(1) 0.2364 (2) 2.364
(3) 23.64 (4) 236.4

કાચા કામ માટે જગ્યા

www.....tguru.co.in



www.tethtatguru.co.in



## વિભાગ – III
### ભાષા

**સૂચના :** આ વિભાગમાં **પાંચ** ફકરા છે. દરેક ફકરાનાં અંતમાં **પાંચ** પ્રશ્નો પૂછેલા છે. દરેક ફકરાને ધ્યાનથી વાંચો અને તેના પર પૂછાયેલા પ્રશ્નોનાં ઉત્તર લખો. દરેક પ્રશ્ન માટે ચાર સંભવિત ઉત્તર છે કે જેને 1, 2, 3 અને 4 ક્રમ આપેલા છે. આમાંથી ફક્ત **એક જ સાચો** છે. તમે સાચાં ઉત્તરનું ચયન કરી આપેલી ઉત્તર-પુસ્તિકામાં દરેક પ્રશ્નની સામે આપેલા બોક્સમાં તેનો ઉત્તર અંગ્રેજી સંખ્યામાં લખો.

### ફકરો – I

કોઈ ગામડામાં બજાર લાગવાના દિવસે બાળકો, સ્ત્રીઓ અને પુરૂષો આનંદિત હોય છે. ખેડૂતો માટે પોતાનાં શાકભાજી અને અનાજ તથા તે બધી જ વસ્તુઓને વેચવા માટેનું ઉત્તમ સ્થળ છે, જેને તેઓ પોતાનાં ખેતરોમાં ઉગાડે છે. વહેલી પરોઢે ખેડૂતો પોતાની બળદગાડીઓ અને ટ્રેક્ટરો પર અનાજ ભરેલા કોથળા અને ફળો તથા શાકભાજીથી ભરેલા ટોપલાં લાદી દે છે. તેઓ પોતાની બકરીઓ અને ઘેટાં, ગાય-ભેંસો તથા મરઘીઓને પણ લઈ જાય છે, જેને તેઓ બજારમાં વેચવા ઈચ્છે છે. બજારમાંથી તેમને કેટલી વસ્તુઓ ખરીદવી પણ હોય છે. તેઓને કપડાં અને મસાલાની તથા ઘણી જ ઘરવખરીની જરૂરિયાત હોય છે. આ વસ્તુઓ તેઓને ખેતરો પાસે સહેલાઈથી મળતી નથી.

બંગડીવાળા પાસેથી સ્ત્રીઓ રંગબેરંગી કાંચની બંગડીઓ ખરીદે છે. ચૂલો સળગાવવામાં આવે છે, ભજીયાં, પૂરીઓ અને શાકભાજી રાંધવામાં આવે છે. સમોસા અને શેરડીનો રસ પણ ખૂબ જ લોકપ્રિય હોય છે. બાળકો પોતાના ભાઈબંધો સાથે ખુશીથી ચારે બાજુ ભાગતા ફરે છે. તેઓ હિંચકા તથા ગોળ હિંડોળા પર સવારી કરે છે. બજારનો દિવસ સૌને પ્રિય છે.

76. ખેડૂતો પોતાનાં શાકભાજી અને અનાજને બજારમાં કેવી રીતે લઈ જાય છે ?
(1) પોતાની ટ્રકો અને કારમાં
(2) પોતાની બળદગાડીઓ અને ટ્રેક્ટરોમાં
(3) તેઓ પોતાનાં માથા પર લઈ જાય છે.
(4) મિત્ર અને મદદનીશ લઈ જાય છે.

77. ખેડૂતો બજારમાં બીજુ શું-શું લઈ જાય છે ?
(1) પાલતું પશુઓ અને મરઘીઓ
(2) ફર્નિચર
(3) કપડાં
(4) રમકડાં

78. નીચે આપેલામાંથી કોનો અર્થ 'કોથળાં' છે ?
(1) બૉક્સ
(2) થેલા
(3) ડબ્બા
(4) પૅકેટ

79. બાળકો બજારમાં શું કરે છે ?
(1) શાકભાજી અને અનાજ વેચે છે.
(2) મરઘીઓ અને બકરીઓ ખરીદે છે.
(3) ભાઈબંધોની સાથે આસપાસ રમે છે.
(4) ભજીયાં અને સમોસા વેચે છે.

80. ગામડામાં બજારનો દિવસ ખેડૂતો માટે સારો દિવસ કેમ હોય છે ?
(1) ખેડૂતો બજારમાં પોતાનાં મિત્રોને મળે છે.
(2) બજાર ખેડૂતો દ્વારા ઉગાડેલી વસ્તુઓ વેચવા માટેનું ઉત્તમ સ્થળ છે.
(3) ખેડૂતો બજારમાં ખૂબ જ મોજ-મસ્તી કરે છે.
(4) ખેડૂતોને બેસીને સમોસા ખાવાનો અવસર મળે છે.



નવોદય ની પ્રવેશ પરીક્ષા માટે અલંકાર પબ્લીકેશનની બુક ઓનલાઈન ખરીદવા અહિ ક્લીક કરો.

www.tethtatguru.co.in

### ફકરો – II

એપ્રિલમાં, પરીક્ષાના ફક્ત બે અઠવાડિયા પહેલા, સ્વામીને લાગ્યું કે તેનાં પિતાજીનો સ્વભાવ બદલાઈને ઘણો જ ખરાબ થઈ રહ્યો છે. તેઓ ઘણા ધાંધલિયા અને ચિડચિડા થઈ રહ્યા છે. જ્યારે સ્વામીને પોતાની દાદીની સાથે વાતો કરતાં જોયો, તો તેને કહેવામાં આવ્યું, "યાદ રાખ બેટા પરીક્ષા આવી રહી છે. તારી દાદી રાહ જોઈ શકે છે, પરીક્ષા નહિ." જો તેને પોતાની માતાની પાછળ ફરતો જોઈ જાય, તો તેને પકડીને ભણવાના ટેબલ પર મોકલી દેવામાં આવે. કસ્બાની ઘડિયાળમાં નવ વાગ્યા પછી જો ક્યાંકથી તેનો અવાજ સંભળાય તો પિતાજીનાં રૂમમાંથી આદેશ થતો, "સ્વામી તું હજુ સુધી સુવા કેમ નથી ગયો ?" તારે સવારે જલ્દી જરૂરથી ઉઠવાનું છે અને થોડાં પાઠ ભણવાનાં છે." એક દિવસ તેણે પોતાનાં પિતાજીને પૂછ્યું, "તમે મારી પરીક્ષાઓ માટે આટલા બધાં ચિંતિત કેમ છો ?"

**81.** તેનાં પિતાજી કેવાં થઈ ગયા હતા ?

(1) ખુશ અને સરળ

(2) ઉદાસ અને ક્રોધિત

(3) ક્રોધિત અને ધાંધલિયા

(4) ધાંધલિયા અને ચિડચિડા

**82.** સ્વામીને જ્યારે તેની માતા પાછળ ફરતો જોવામાં આવે, તો તેને ક્યાં મોકલવામાં આવતો ?

(1) રસોડામાં

(2) ટેબલ પર

(3) પિતાજીનાં રૂમમાં

(4) સુવાના રૂમમાં

**83.** ફકરામાં 'આદેશ'નો અર્થ છે :

(1) આદર કરવો

(2) દંડ આપવો

(3) પકડવો

(4) હુકમ આપવો

**84.** જ્યારે કસ્બાની ઘડિયાળ નવ વગાડતી, તો સ્વામીને શું કરવું જરૂરી હતું ?

(1) ભણવું

(2) પથારીમાંથી ઉઠવું

(3) સૂવા જવું

(4) શાળાએ જવું


**85.** સ્વામીએ ક્યારે અનુભવ કર્યો કે તેનાં પિતાજીનો સ્વભાવ બદલાઈ રહ્યો છે ?

(1) એપ્રિલમાં

(2) મેમાં

(3) જૂનમાં

(4) જુલાઈમાં



www.tethtatguru.co.in

ફકરો – III

ઘણાં સમય પહેલાં આપણી નદીઓ નિર્મળ અને સ્વચ્છ હતી; એટલી સ્વચ્છ કે લોકો તેનું પાણી પીતા હતા. તે નદીઓ માછલીઓથી ભરેલી રહેતી હતી. લોકો તેને પકડતાં અને રાંધતા હતા. સમયની સાથે-સાથે લોકોએ કારખાના અને શહેરો વસાવ્યા, કે જેઓ નદીઓના જળનો ઉપયોગ કરતાં હતા. હોડીઓ દ્વારા નદીઓનો ઉપયોગ સામાન, કોલસો અને તેલ લઈ જવા માટે થાય છે જે ક્યારેક પાણીમાં ઢોળાઈ જાય છે. લોકો પોતાનો કચરો અને ગંદુ પાણી નદીઓમાં જવા દે છે. તેઓ કહે છે, "અમારા કચરાથી કોઈ વાંધો નહિ આવે."

પરંતુ હવે નદીઓ ખૂબ જ ગંદી થઈ ગઈ છે, એટલી કે તેનું જળ પીવાલાયક નથી રહ્યું અને માછલીઓ મરી ગઈ છે. હવે નદીઓ કચરાથી ભરાઈ ગઈ છે કે જે તેની ઉપર તરતો રહે છે.

86. લોકો નદીઓમાંથી મળતી માછલીઓ ખાતાં હતાં, કેમ કે
(1) તેઓ તેને હોડીથી પકડી શકતા હતા.
(2) કારખાનાથી લોકોને મદદ મળી.
(3) નદીઓમાં માછલીઓ મરી રહી હતી.
(4) નદીઓના સ્વચ્છ જળમાં માછલીઓ મળે છે.

87. કયું વાક્ય સાચું છે ?
(1) નદીઓ શરૂઆતથી જ ગંદી હતી.
(2) શરૂઆતમાં લોકો નદીઓનું જળ પી શકતા ન હતા.
(3) તેલ અને કચરો ફેંકવાથી નદીઓ ગંદી થઈ ગઈ છે.
(4) નદીઓમાં માછલીઓ ન હતી કેમ કે લોકો તેને રાંધીને ખાઈ ગયા.

88. પહેલા શું થયું ?
(1) નદીઓમાંથી માછલીઓ લુપ્ત થઈ ગઈ.
(2) કારખાનાઓની હોડીઓ નદીઓમાં ઉતરી ગઈ.
(3) નદીઓ સ્વચ્છ અને સુંદર હતી.
(4) શહેરો એ વધુ પડતાં કારખાના બનાવ્યા.

89. 'સ્વચ્છ' શબ્દનો વિરોધી શબ્દ છે :
(1) ગંદુ
(2) સુંદર
(3) સંપન્ન
(4) અલગ

90. નદીઓ ગંદી કેમ થઈ રહી છે ?
(1) શહેરોમાં કારખાના બનાવી દીધા છે.
(2) નદીઓમાં માછલીઓ મરી ગઈ.
(3) નદીઓને પાર કરવા માટે હોડીનો ઉપયોગ થયો.
(4) લોકોએ કચરો નદીઓમાં ફેંક્યો.



નવોદય ની પ્રવેશ પરીક્ષા માટે અલંકાર પબ્લીકેશનની બુક ઓનલાઇન ખરીદવા અહીં ક્લીક કરો.

## ફકરો – IV

રોબોટ એક યંત્ર હોય છે. આ એક એવું યંત્ર છે, જે ચાલી શકે છે. આ સૂચનાઓનું પાલન કરે છે. સૂચનાઓ એક કમ્પ્યૂટરમાંથી પ્રાપ્ત થાય છે. કેમ કે આ એક યંત્ર છે, જે ભૂલો નથી કરતું. જે થાકતું નથી અને ક્યારેય ફરિયાદ પણ નથી કરતું.

કેટલાક રોબોટ્સનો ઉપયોગ વસ્તુઓ બનાવવામાં થાય છે. રોબોટ કાર બનાવવામાં મદદનીશ છે. કેટલાંક રોબોટ જ્વાળામુખી જેવા ખતરનાક સ્થળોની શોધમાં કામમાં આવે છે. કેટલાંક રોબોટ્સનો ઉપયોગ વસ્તુઓને સાફ કરવા માટે થાય છે. આ રોબોટ તમારા ઘરની સફાઈ કરવામાં મદદનીશ થઈ શકે છે. કેટલાંક રોબોટ્સ શબ્દોની ઓળખાણ પણ કરી શકે છે. તે ટેલિફોન કોલનાં ઉત્તર આપવામાં ઉપયોગી થઈ શકે છે. કેટલાંક રોબોટ્સ માણસો જેવા દેખાય છે. પરંતુ વધુ પડતાં રોબોટ્સ મશીન જેવા જ દેખાય છે.

જોર્જ દેવોલને સન્ 1954માં પહેલો રોબોટ બનાવ્યો અને તેને યૂનિમેટ નામ આપવામા આવ્યું. આનો ઉપયોગ કાર બનાવવામાં થયો. ભવિષ્યમાં ઘણા એવા રોબોટ જોવા મળશે જે આગ બુઝાવવા, યુદ્ધમાં લડવા અને બીમારીથી લડવામાં મદદરૂપ હશે. તે જીવનને વધુ સુંદર બનાવવામાં મદદરૂપ હશે.


91. પહેલા વાસ્તવિક રોબોટનું નામ શું હતું ?
 (1) જાયંટ આર્મ
 (2) યૂનિમેટ
 (3) રોબોટ
 (4) સ્પેશિયલ

92. પહેલા રોબોટનો ઉપયોગ
 (1) ટેલિફોન કોલનો ઉત્તર આપવામાં થયો.
 (2) જ્વાળામુખીઓની શોધમાં થયો.
 (3) વસ્તુઓ સાફ કરવામાં થયો.
 (4) કાર બનાવવા માટે થયો.

93. ફકરામાંથી તે શબ્દ શોધો જેનો અર્થ છે "સંશોધન".
 (1) શોધવું
 (2) ઓળખવું
 (3) સૂચના આપવી
 (4) ફરિયાદ કરવી

94. "ખતરનાક" શબ્દનો વિરોધી શબ્દ છે :
 (1) મુક્ત
 (2) સુંદર
 (3) બેડોળ
 (4) સુરક્ષિત

95. પહેલો રોબોટ ક્યારે બનાવવામાં આવ્યો ?
 (1) 1954
 (2) 1900
 (3) 2003
 (4) 2000






www.teth...co.i

નવોદય ની પ્રવેશ પરીક્ષા માટે અલંકાર પબ્લીકેશનની બુક ઓનલાઇન ખરીદવા અહિં કિલીક કરો.

www.tethtatguru.co.in



હું સ્નાનગૃહમાં ઊભી હતી અને માં મને સાબુ ઘસી રહી હતી. એમ લાગતું હતું કે તે જીવાણુંઓની સામે યુદ્ધ કરી રહી હોય. માં ઈચ્છતી હતી કે હું બિલકુલ સ્વચ્છ થઈ જવું જેથી તેની સાફ ચાદર મેલી ન થઈ જાય કે જેને તેમણે પથ્થર પર ઘસી-ઘસીને ધોઈ હતી. જ્યારે મારું સ્નાન પૂરું થઈ ગયું, તો હું મારી પથારીમાં એકલી સૂઈ ગઈ. મેં પહેલા મારા ઓશિકાથી વાતો કરી, પછી મારા કાલ્પનિક મિત્રથી અને છેલ્લે મારી પથારી નીચે છુપાયેલા રાક્ષસથી, જે ખરેખર મારા મિત્ર સમાન હતો. મારી માતાને સ્વચ્છતાની વળગણ હતી અને તે ઘરમાં થોડી પણ ધૂળ રહેવા દેતી નહિ. ધૂળની વિરૂદ્ધ તેની લડાઈ, રસોઈ બનાવવાની તેમની ધૂનની સમાન છે. અમારા ઘરમાં હંમેશા ભોજનની સુગંધ રહેતી હતી, જેને તેઓ પોતે ઘણી જ સાવધાનીપૂર્વક રાંધતા અને શેકતા. તેમની બનાવેલી કેક, બિસ્કીટ અને કપકેકની પાડોશમાં ચર્ચા થતી હતી. મને તેમનાં કેક અને ચોકલેટ કૂકી ઘણાં જ પ્રિય હતાં જે મોઢામાં મૂકતાં જ ઓગળી જતાં હતાં. તેઓ ઘણાં જ ઉદાર હતા, આથી અમારા પાડોશીઓને હંમેશા તાજી બનાવેલી બિસ્કીટનો જથ્થો મળી રહેતો હતો.

96. પોતાના સ્નાન કર્યા પછી બાળકી શું નથી કરતી ?
(1) કાલ્પનિક મિત્રો સાથે વાતો
(2) માં સાથે વાતો
(3) ઓશિકા સાથે વાતો
(4) રાક્ષસ સાથે વાતો

97. પાડોશીઓ કોનાં વિશે ચર્ચા કરતાં હતાં ?
(1) માં ની સ્વચ્છતાના વિશે
(2) બાળકીની સ્વચ્છતાનાં વિશે
(3) માં ની શેકેલી વસ્તુઓ વિશે
(4) બાળકીની કલ્પના વિશે

98. 'વળગણ' હોવાનો અર્થ છે :
(1) હંમેશા ગુસ્સો કરવો.
(2) હંમેશા ચિંતાતુર રહેવું.
(3) બધાથી ધૃણા કરવી.
(4) બધાને પસંદ કરવા.

99. આપણને કઈ રીતે જાણવા મળે છે કે માતા ને રસોઈ બનાવવી પ્રિય છે ?
(1) તેમનાં ઘરમાં હંમેશા ભોજનની સુગંધ આવતી હતી.
(2) તેઓ નિયમિત રૂપે ભોજન બનાવતા હતા.
(3) તેઓ પોતાનું ઘર સ્વચ્છ રાખતા હતા.
(4) તેઓ પાડોશીઓને ઉદારતાપૂર્વક આપતા રહેતા હતા.

100. માં બાળકીને હંમેશા ખૂબ જ સ્વચ્છ રાખવા ઈચ્છતી હતી, કારણ કે –
(1) બાળકી હંમેશા ગંદી રહેતી હતી.
(2) તે નથી ઈચ્છતી કે તેની ચાદરો મેલી થાય.
(3) તે ઈચ્છતી હતી કે તે આરામથી સૂઈ શકે.
(4) તે ઈચ્છતી હતી કે બાળકી સ્વચ્છ થઈને શાળાએ જાય.



નવોદય ની પ્રવેશ પરીક્ષા માટે અલંકાર પબ્લીકેશનની બુક ઓનલાઇન ખરીદવા અહીં ક્લીક કરો.